सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૨૫–૦૪–૨૦૨૪ |
| કેસ નોંધણી તારીખ | ૨૫–૦૪–૨૦૨૪ |
| કેસ ફેંસલ તારીખ | ૨૧–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ |
| | ૦૧ –૧૧– ૨૮ |

**જામજોધપુરના મહેરબાનશ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની અદાલતમાં,**
**મુ.જામજોધપુર.**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**રે.દિ.મુ.નં. ૨૧/૨૦૨૪.**
**આંક–૩૭**

**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,**

કોર્પોરેટ ઓફીસ–નાના મવા રોડ,

લક્ષ્મીનગર, રાજકોટ,

સંચાલન અને નિભાવ

પેટા વિભાગ–સમાણા. .... ..... વાદી.

વિરૂધ્ધ

**સુવાઈભાઈ ઈસ્માઈલભાઈ ખુરેશી**

ઉ.વ.આ.૪૫, ધંધો: મજુરી,

રહે. લલોઈ, તા. જામજોધપુર ..... ..... પ્રતિવાદી.

બાબત :– **વીજ બીલની લેણી રકમ રૂા. ૧૪,૫૧૧–૫૪ પૈસા વસુલ મળવા.**

---

વાદી પક્ષે વિધ્વાન વકીલશ્રી :– **એ.કે.વ્યાસ.**
પ્રતિવાદી પક્ષે વિધ્વાન વકીલશ્રી :– **એક તરફી.**

---

**–:: ચુ કા દો ::–**

૧. હાલના વાદીએ પ્રતિવાદી પાસેથી દાવાની વિગતે વીજ બીલની લેણી રકમ રૂા.૧૪,૫૧૧–૫૪ પૈસા વસુલવા દાવા મુજબ દાદ માંગેલ છે.

૧.૧ આ કામના વાદી પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. એ કાયદાથી સ્થપાયેલ સંસ્થા છે. વાદીની કોર્પોરેટ ઓફીસ લક્ષ્મીનગર– રાજકોટ મુકામે આવેલી છે.જેની પેટા કચેરી જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકાના સમાણા મુકામે આવેલી છે. આ દાવામાં સહી,એકરાર કરનાર વાદી સંસ્થાની સદર પેટા કચેરીના નાયબ ઈજનેર અને હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ છે. અને તેના ધ્વારા વાદી કંપનીની પેટા કચેરીનું સંચાલન કરવામાં આવે છે. જેથી આ હકીકતે હાલના વાદીને દાવો લાવવા હકક, અધિકાર પ્રાપ્ત થયેલ છે. વાદી કંપની વપરાશ યુનીટ ચાર્જીસ લઈને ગ્રાહકોને વીજ પુરવઠો પુરો પાડવાનો વહેંચવાનો અને વીજ જોડાણ આપીને વીજળી આપવાનું તેમજ વીજળી અંગેની સેવાઓ આપવાનું કામકાજ કરે છે.

૧.૨ આ કામના પ્રતિવાદી જામજોધપુર તાલુકાના લલોઈ રહે છે. અને લલોઈ સમાણા સબ–ડિવીઝનની અંદર આવે છે. સદરહું તાલુકાનો જીલ્લો જામનગર છે.તેમજ કલમ–૧૩૫ મુજબના તમામ દાવાઓ દાખલ કરવાની આપ સાહેબની કોર્ટને હકુમત છે. તેમજ પ્રતિવાદી, વાદી બોર્ડના ગ્રાહક નથી.આ સાથે રજુ રાખેલ કન્ઝયુમર્સ પર્સનલ લેઝર એબસ્ટ્રેટ તથા કલમ–૧૩૫ અનુસાર નકકી કરવામાં આવેલ લેઝર મુજબ વાદી કંપનીના પ્રતિવાદી પાસે વીજ વપરાશ તથા પાવર ચોરીનાં પુરવણી બીલની રકમ રૂા. ૧૧,૧૮૭–૪૮ પૈ તથા ૩૦–૦૪–૨૦૨૪ સુધીના વિલંબીત ચાર્જની લેણી રકમ રૂા.૩,૩૨૪–૦૬

અને તે રીતે કુલ રૂા ૧૪,૫૧૧–૫૪ પૈસા અંકે રૂપિયા ચૌવુદ હજાર પાંચસો અગીયારને ચોપન પૈસા બાકી લેણા રહે છે.

૧.૩ ગઈ તા.૨૬–૦૪–૨૦૨૨ના રોજ લલોઈ મુકામે વાદીના અધિકારીશ્રી તથા કર્મચારી ધ્વારા વિજ ચેકીંગ કરતા, પ્રતિવાદી ના રહેણાંક મકાનની અંદર તપાસ કરતાં સ્થળ પર હાજર વ્યકિતને તેમનું નામ પુછતા તેમનું નામ જણાવેલ નથી ઓળખપત્ર માંગતા ઓળખપત્ર આપેલ નથી મકાન માલીક અંગે પુછતા સુવાઈભાઈ ઈસ્માઈલભાઈ ખુરેસીનું છે તેવુ જણાવેલ છે. વધુ તપાસ કરતા મકાનમાં કોઈપણ પ્રકારનું વીજ જોડાણ નથી પ્રતિવાદી દ્વવારા હળવા દબાણની વીજ લાઈનમાં પીળા રંગની ટવીન કોર કેબલ ફેઈઝ તથા ન્યુટ્રલમાં જોડી બીજા છેડે મેઈન સ્વીચમાં જોડી પ્રતિવાદી બીન અધિકૃત રીતે વીજ ચોરી કરી વપરાશ કરતાં સીધા જ પકડાયેલ છે.તથા સ્થળ ઉપરથી મુદામાલ કબજે કરેલ છે. રોજકામ કરેલ છે. અને ચેકીંગ વખતે ચેકીંગ સીટનં.૬૭૬૬ ભરેલ અને તેના આધારે ફોજદારી ફરીયાદ કરેલ તે રીતે ગેરકાયદેસર રીતે પાવરચોરી કરતાં હોવાથી જેથી પ્રતિવાદી સામે પીજીવીસીએલ પોલીસ સ્ટેશન જામનગરમાં ગુ.રજી.નં. સેકન્ડ ૧૨૨૦/૨૦૨૨થી ધોરણસર લેખીત ફરીયાદ નાયબ ઈજનેરશ્રી સમાણાનાએ આપેલ. પ્રતિવાદીએ ગેરકાયદેસર વીજ વપરાશ કરેલ તેનું પુરવણી બીલ પ્રતિવાદીને આપવામાં આવેલ જે પુરવણી બીલ ન ભરતાં પ્રતિવાદીને વાદી સંસ્થા તરફથી પુરવણી બીલ ભરી જવા અંગે નોટીસ આપેલ તેની સાથે પુરવણી બીલ તથા વીજ ચોરીની રકમ ભરી જવા તા.૦૫–૦૮–૨૦૨૪ના રોજ લીગલ નોટીસ પ્રતિવાદીને આપેલ. અને તે નોટીસ પ્રીતવાદીને મળી ગયેલ છે.તેમ છતાં આજ દીવસ સુધી સદરહું પાવર ચોરીની રકમ પ્રતિવાદીએ ચુકેલ નથી.

૧.૪ વાદી સંસ્થા કાયદા મુજબ લેઝર(બુકસ ઓફ એકાઉન્ટ)માં વ્યવસાયના ક્રમમાં નિયુકત કરેલ હિસાબી કામકાજના નિષ્ણાંતો ધ્વારા નિયમીત રીતે લેણાંના હિસાબો વ્યવસાયીક ક્રમમાં મેઈન્ટેઈન થતાં હિસાબી ચોપડામાં રાખે છે. સદરહું હિસાબી ચોપડામાં પ્રતિવાદી

પાસેથી આ દાવામાં દર્શાવ્યા મુજબની વાદી સંસ્થાની લેણી રકમ બાકી નિકળે છે.જે વસુલ કરવા વાદી સંસ્થા કાયદેસર રીતે હકકદાર થયેલ છે. જયારે પ્રતિવાદી આ રકમ વસુલ આપવા કાયદા મુજબ જવાબદાર તથા ફરજ બધ્ધ થયેલ છે. મજકુર રકમ વાદી સંસ્થાની પ્રતિવાદી પાસેની કાયદેસરની બાકી લેણી રકમ છે જે અંગે વાદી સંસ્થાએ પ્રતિવાદીને તા.૦૫–૦૮–૨૦૨૪ની લીગલ નોટીશ આપેલ છે.જે પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ તેનો કાંઈ જવાબ આપેલ નથી તથા પ્રતિવાદીએ મજકુર રકમ વાદી સંસ્થાને આજ દીવસ સુધી ચુકવેલ નથી.અને બેદરકારી તેમજ ઉપેક્ષા વૃતી દાખવેલ છે.જેથી હાલનો આ દાવો લાવવા ફરજ પડેલ છે.

૧.૫ આ કામે સંસ્થાના પ્રતિવાદી પાસે બાકી લેણાની વિગત નીચે મુજબ છે.

રૂ.૧૧,૧૮૭–૪૮ વિજ ચોરીના બિલ મુજબની રકમ

રૂ.૦૩,૩૨૪–૦૬ પૈસા ૩૦–૦૪–૨૦૨૪ સુધીના વિલંબીત ચાર્જની રકમ

રૂ.૧૪,૫૧૧–૫૪ કુલ રૂપિયા ચૌવુદ હજાર પાંચસો અગીયારને ચોપન પૈસા

૧.૬ ઉપરની હકીકતે વાદી આ દાવો લાવી દાદ માંગે છે કે:–

(૧) દાવા અરજીમાં દર્શાવ્યા મુજબ વાદીના લેણા રૂ.૧૪,૫૧૧–૫૪ પૈસા અંકે રૂપિયા ચૌવુદ હજાર પાંચસો અગીયારને ચોપન પૈસા પ્રતિવાદીની હરેક પ્રકારની જાત મીલકત તથા સ્થાવર, જંગમ તમામ મિલકતથી વસુલ મળે એવું,

(૨)૦૧–૦૫–૨૦૨૪ થી લેણી રકમ વસુલ થતાં સુધી પ્રતિવાદીએ વાદીના વિજ ટેરીફ મુજબ લેણી રકમ ઉપર દર વરસે દર સેન્કડે ૧૫% લેખે વિલબીત ચાર્જની રકમ ચૂકવે તથા આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વાદીને વસુલ મળે તેમજ સમન્યાય મુજબ વાદીને મળી શક્તી હરેક પ્રકારની દાદ વાદીને મળે એવું,

(૩)હુકમનામું વાદીના લાભમાં પ્રતિવાદી સામે કરી આપવા અરજ

કરેલ છે.

૨. આ કામે દાવાનો સમન્સ પ્રતિવાદીને આંક–૮ થી ધોરણસર બજી ગયેલ હોય તેમ છતા પ્રતિવાદી જાતે કે વકીલ મુખત્યાર મારફત કોર્ટ સમક્ષ હાજર ન થતા કે દાવાનો કોઈ જવાબ કે રીપોર્ટ ન આવતા મારા પુરોગામીશ્રી દવારા પ્રતિવાદી સામે દાવાનું કામ એકતરફી ચલાવવા તા.૨૭/૦૧/૨૦૨૫ ના રોજ આંક–૧ નીચે હુકમ કરેલ છે.

૩. બાદમાં આ કામે આંક–૦૯ થી મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલ છે તે મુદ્દાઓ પુરવાર કરવા માટે વાદીએ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**<u>–:: વાદીપક્ષનો મૌખિક પુરાવો ::–</u>**

| ક્રમ નં | વિગત. | આંક |
|---|---|---|
| ૧. | વાદી કંપનીના જવાબદાર અધિકારી અશોકભાઈ કાનાભાઈ નંદાણીયાનુ સરતપાસનું સોગંદનામું. | ૧૭ |

**<u>–:: વાદીપક્ષનો દસ્તાવેજી પુરાવો ::–</u>**

| ક્રમ નં | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | દાવાવાળા વ્યવહારની વાદીની બ્રિફનોટ | ૧૯ |
| ૨ | દાવાવાળા વ્યવહારની વાદીનો પ્રફોમાનં–૧૨ | ૨૦ |
| ૩ | વાદી દવારા ભરવામાં આવેલ ચેકીંગ શીટ | ૨૧ |
| ૪ | તપાસણી ટીમ દવારા ભરવામાં આવેલ એનેક્ષર–૪ | ૨૨ |
| ૫ | વાદીએ ચેકીંગવાળી જગ્યાનું કરેલ સ્થળ રોજ કામ | ૨૩ |
| ૬ | વાદીએ પ્રતિવાદીના ઘરેથી વિજ ચોરી કરતા હતા તે સર્વિસ વાયર ઉતારી કબજે કરેલ તે જમા કરાવ્યાનો ગેટપાસ | ૨૪ |
| ૭ | પ્રતિવાદીએ દાખલ કરેલ એફ.આઇ.આર. દાખલ કરવા લખેલ પત્ર | ૨૫ |

| | | |
|---|---|---|
| ૮ | પ્રતિવાદી દાખલ કરેલ એફ.આઇ.આર.ની નકલ | ૨૬ |
| ૯ | વાદીએ પ્રતિવાદીને વિજચોરી અંગેનું આપેલ પુરવણી બીલ | ૨૭ |
| ૧૦ | ગ્રાહકના દાવાની રકમનું ગણતરી પત્રક | ૨૮ |
| ૧૧ | વાદીએ પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ | ૨૯ |
| ૧૨ | વાદીએ પ્રતિવાદીને લીગલ નોટીસની એકનોલેજમેન્ટ | ૩૦ |
| ૧૩ | સ્થળ તપાસણી અહેવાલ | ૩૧ |
| ૧૪ | પ્રતિવાદી સામે દાવો દાખલ કરવા માટેનો મંજુરી પત્ર | ૩૨ |
| ૧૫ | કોર્પોરેટ ઓફીસએ સર્કલ ઓફીસને મોકલેલ ઓફીસ લેટર | ૩૩ |
| ૧૬ | કોર્પોરેટ ઓફીસએ સર્કલ ઓફીસને મોકલેલ ઓફીસ લેટર | ૩૪ |
| ૧૭ | સપ્લાય કોડ–૨૦૧૫ના પ્રોવીઝનના વિભાગ–૭ ના અનુક્રમ નં.૭.૧૭ | ૩૫ |
| ૧૮ | પુરાવો પુરો થયાની પુરશીશ | ૩૬ |

આ કામે પ્રતિવાદી સામે દાવાનું કામ એકતરફી ચલાવવાનો આંક–૧ નીચે હુકમ થયેલ છે. ત્યારબાદ પ્રતિવાદીને તરફે કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવામા આવેલો નથી.

૪. આ કામે **આંક–૦૯** થી ઘડવામાં આવેલ મુદ્દાઓ નીચે મુજબ છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી તેઓના ગ્રાહક નથી અને તેઓ ગેરકાયદેસર રીતે તેઓના રહેણાંક મકાનની અંદર વીજ કનેકશન કે મીટર હયાત ન હોવા છતા તેઓએ પોલ પર બીન અધીકૃત રીતે જોડાણ કરી વીજ ચોરી કરી રૂ.૧૪,૫૧૧–૫૪/–પૈસા પ્રતિવાદીએ ભરેલા નથી?

૨. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ વીજ ચોરી કરી તેની ચુકવણી નહી કરતા બાકી લેણી રકમ વસુલ લેવા માટે કાયદેસરની નોટીસ આપેલી?

૩. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસેથી વીજચોરીના

બીલની રકમ રૂ.૧૪,૫૧૧–૫૪/– પૈસા વસુલ લેવા હકકદાર છે?

૪. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેઓએ કોઈ વિજ ચોરી કરેલ નથી અને પ્રતિવાદીના નામે કોઈ વિજ કનેકશન પણ લીધેલ નથી અને વાદીની કોઈ લેણી રકમ પ્રતિવાદી પાસે નીકળતી હોય તેમ છતા વાદીએ ખોટી હકીકતો જણાવી ખોટો દાવો કરેલ છે?

૫. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૬. શું હુકમ અને હુકમનામું?

**૫.** વાદીપક્ષે રજુ થયેલ પુરાવાનું અને વાદીના વિધ્વાન વકીલશ્રીની દલીલોનું કાળજીપુર્વક મુલ્યાંકન કરીને દાવાના નિકાલ માટે ઉપસ્થિત થયેલા ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ કરેલ છે.

**મુદ્દા નં.૧:–** હકારમાં

**મુદ્દા નં.ર:–** હકારમાં.

**મુદ્દા નં.૩:–** હકારમાં

**મુદ્દા નં.૪:–** નકારમાં.

**મુદ્દા નં.૫:–** અંશતઃ હકારમાં.

**મુદ્દા નં.૬:–** આખરી હુકમ મુજબ.

**૬.** ઉપરોકત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

**–::કા ર ણો::–**

**મુદ્દા નં.૧ થી ૩ :–**

આ કામે સરળતા ખાતર મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા એકીસાથે અલગ અલગ કરવામાં આવેલ છે.

આ કામે રેકર્ડ જોતા પ્રતિવાદીને દાવાનો સમન્સ ધોરણસર

બજી જવા છતા પ્રતિવાદી તરફે હાજર રહી કોઈપણ પ્રકારનો બચાવ સદર દાવાના કામે કરેલ નથી કે દાવા જવાબ રજુ કરવા કે પુરાવો આપવા દરકાર કરેલ નથી. તેથી મજકુર પ્રતિવાદી સામે દાવાનું કામ એકતરફી ચલાવવા હુકમ થયેલ છે. પરંતુ પ્રતિવાદી દવારા જવાબ ન રજુ કરવા અને તેમના વિરુધ્ધ કામ એકતરફી ચલાવવા માત્ર થી વાદીનો દાવો સાચો છે તેમ માની શકાય નહી. વાદી જયારે દાવા મુજબની દાદ માગતા હોય ત્યારે પોતાના પગ પર ઉભા રહી દાવાની હકીકતો પુરવાર કરવી પડે સામાપક્ષની નબળાઈ નો લાભ લઈ વાદીએ પોતાનો દાવો પુરવાર કરેલ છે તેમ માની શકાય નહી. આમ ઉપરોકત કાનુની પરીસ્થીતી ધ્યાને લઈ ચર્ચા કરીએ તો આ કામે વાદી તરફે સી.પી.સી.ઓ.–૧૮ રૂલ –૪ અન્વયે પોતાના દાવાની હકિકત પુરવાર કરવા માટે આંક–૧૭ થી વાદી કંપનીના જવાબદાર અધિકારીનુ સરતપાસનું સોગંદનામું રજુ કરી દાવાની હકિકતને સમર્થન આપેલ છે અને મજકુર સાહેદના પુરાવાના સોગંદનામામાં તેઓએ આંક–૧૯ થી આંક–૩૫ મુજબનો પુરાવો રજુ કરેલ છે જેથી હકીકતોનુ પુનરાવર્તન નીવારવા તેનો ફરી અંહી ઉલ્લેખ કરવામાં આવેલ નથી. ત્યારે આ કામે વાદી તરફે પડેલ પુરાવાની હકીકત ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા અનઅધીકૃત રીતે વીજવપરાશ કરેલ હોવાનુ અને રેકર્ડ પરના પુરાવાથી ફલીત થાય છે. અને વીજચોરી નુ પુરવણી બીલ પ્રતિવાદીને આપવા છતા તેમજ નોટીસ આપવા છતા પ્રતિવાદીએ વીજચોરીની લેણી રકમ રૂા.૧૪,૫૧૧–૫૪ પૈસા ભરપાઈ કરેલ નથી તેવુ પડેલ પુરાવાથી પુરવાર થાય છે. વધુમાં વાદીએ વીજચોરીની બીલની રકમ પર તા.૩૦/૦૪/૨૪ સુધીના વીલંબીત ચાર્જ ના રૂા.૩,૩૨૪–૦૬ પૈસા મેળવવા હકકદાર હોવાનુ

જણાવેલ છે ત્યારે તે સંદર્ભમાં વાદી તરફે રજુ થયેલ આંક–૩૩ થી આંક–૩૫ સુધીના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફલીત થાય છે. વધુમાં આંક–૨૬ થી વાદી તરફે રજુ થયેલ એફ.આઇ.આર ધ્યાને લેતા પ્રતિવાદી ગ્રાહક ન હોવા છતા બીનઅધીકૃત રીતે વિજવપરાશ કરેલા નુ ફલીત થાય છે. વધુમાં આંક–૨૯ થી વાદીએ પ્રતિવાદીને લીગલ નોટીસ આપેલાનુ અને તે નોટીસ આંક–૩૦ થી રજુ પોસ્ટખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ ધ્યાને લેતા બજી ગયેલ હોવાનુ ફલીત થાય છે. આમ પ્રતિવાદીએ વાદીની વીજચોરીની બાકી લેણી રકમ તથા વાદીના જણાવ્યા મુજબની વિજચોરીની લેણી રકમ પર માંગણી મુજબની વિલંબીત ચાર્જની રકમ રૂા.૩,૩૨૪ – ૦૬ પૈસા મળિ કુલ રૂા.૧૪,૫૧૧–૫૪ પૈસા પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર હોવાનુ માનવાને કારણ રહે છે. વાદી તરફે રજુ થયેલ લેખીત મૌખીક પુરાવાને પ્રતિવાદી તરફે હાજર રહી ચેલેન્જ કરેલ નથી કે સદર પુરાવાની હકીકતોનુ ખંડન કરતા કોઈ પુરાવો રજુ રાખેલ નથી. જેથી વાદીના પુરાવાની હકીકતોને ન માનવાને કોઈ કારણ જણાતુ નથી. વધુમાં સમય મર્યાદા અંગે ચર્ચા કરીએતો કામના પ્રતિવાદી તારીખ–૨૬/૦૪/૨૦૨૨ ના રોજ વીજચોરી કરતા પકડાયેલ છે અને વીજચોરીની લેણી રકમ અંગે તા.૦૫/૦૮/૨૩ ના રોજ ડીમાન્ડ નોટીસ આપેલ છે. ત્યાર બાદ તા.૨૫/૦૪/૨૪ ના રોજ હાલનો દાવો લાવેલ છે. આમ વાદીનો દાવો વીજચોરીની લેણી રકમ અંગેનો હોય ત્યારે સમય મર્યાદા અધીનીયમની જોગવાઇઓ ધ્યાને લેતા વાદીનો દાવો સમય મર્યાદામાં જણાય છે. આમ ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં– ૧ થી ૩** નો જવાબ આથી **સંચુકત રીતે હકારમાં** ઠરાવવામાં આવે છે.

**મુદા નં–૪**

મુદા નં–૪ અન્વયે ચર્ચા કરીએ તો આ કામે દાવાનો સમન્સ

બજવા છતા પ્રતિવાદી હાજર રહેલ નથી કે, વાદી તરફે રજુ થયેલ લેખીત મૌખીક પુરાવાનુ ખંડન કરતો કોઇ પુરાવો આ કામે રજુ રાખેલ નથી એ ઉપર કરેલ ચર્ચા મુજબ આ કામના પ્રતિવાદીએ અનઅધીકૃત રીતે વીજચોરી કરેલાનુ અને તેની લેણી રકમ વસુલ અપાવવા નોટીસ આપવા છતા ચુકવણી ન કરતા વાદી હાલનો દાવો લાવેલ છે. જેથી પ્રતિવાદીએ કોઇ વિજચોરી કરેલ નથી અને વાદીની કોઇ લેણી રકમ પ્રતિવાદી પાસે નીકળતી ન હોય તેમ છતા વાદીએ ખોટો દાવો કરેલ છે તે પુરવાર કરેલ નથી જેથી **મુદા નં–૪** નો જવાબ આથી **નકારમાં** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં.પઃ</u>**

સદર મુદ્દા સંબંધે ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ માં કરેલ ચર્ચાને આધારે તથા તમામ રેકર્ડ ઉપરના પુરાવાને ઘ્યાને લેતાં વીજચોરીની પુરવણી બીલની રકમ પર માંગણી મુબજની વિલંબીત ચાર્ઝની રકમ મળી કુલ રૂા.૧૪,૫૧૧–૫૪ પૈસા આ કામના વાદી પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર હોવાનુ આંક– ૩૩ થી ૩૫ સુધીના દસ્તાવેજો વંચાણે લેતા અત્રેની કોર્ટ દવારા માનવામાં આવેલ છે. પરંતુ વાદી તરફેના પડેલ રેકર્ડ પરના પુરાવાથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે, આ કામના પ્રતિવાદી વાદી બોર્ડના ગ્રાહક નથી આમ, પ્રતિવાદી જયારે વાદી બોર્ડના ગ્રાહક ન હોય અને વાદી બો ર્ડ સાથે કોઈ કરાર થયેલ ન હોય તેમજ વાદી પાસેથી પ્રતિવાદી પાસેથી ૧૫ ટકા પ્રમાણે વ્યાજ મેળવવા વાદી હકકદાર છે તે હકિકતલક્ષી કોઈ સ્પષ્ટ આધારભુત પુરાવો વાદી પક્ષે રજુ કરેલ નથી કે તેવા કોઈ વ્યાજનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી જે હકિકત ઘ્યાને રાખી કાયદાકીય જોગવાઈ મુજબ વાદી માંગણી મુજબની લેણી રકમ ઉપર કોઈ વ્યાજ મેળવવા હકકદાર હોવાનું

માનવાને કારણ રહેતું નથી. પરંતુ હાલનો દાવો વીજ ચોરીની લેણી રકમ વસુલ મેળવવાનો હોય તેવા સંજોગોમાં સી.પી.સી ની કલમ-૩૪ ની જોગવાઈ ધ્યાને લઈ વાદી સંસ્થાને હુકમ ની તારીખથી લેણી રકમ ઉપર ૬ ટકાના સાદા દરે વ્યાજ અપાવવુ ઉચિત જણાય છે તેમજ આ કામના પ્રતિવાદીને નોટીસ આપવા છતા દાવા મુજબની વીજવપરાશની રકમ ભરપાઈ ન કરતા પ્રતિવાદીની કસુરના કારણે વાદી દાવો લાવેલ હોય જેથી દાવાનો ખર્ચ પણ વાદીને અપાવવો ઉચીત જણાતો હોય જેથી **મુદ્દા નં.૫** નો જવાબ <u>**અંશત: હકારમાં**</u> આપવામાં આવે છે.

આમ, ઉપરોકત તમામ મુદ્દા નં.૧ થી ૫ માં કરેલ ચર્ચા અને જવાબના આધારે **મુદ્દા નં.૬** ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

૧. આથી વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીએ દાવામાં જણાવેલ બીલની રકમ **રૂા.૧૪,૫૧૧-૫૪ (અંકે રૂપીયા ચૌદ હજાર પાંચસો અગીયાર ને ચોપન પૈસા પુરા)** દિન-૬૦ માં વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદરહું રકમ પ્રતિવાદી વાદીને ચુકવવામાં કસુર કરે તો, વાદી પ્રતિવાદીની જાત વ હરેક પ્રકારની મિલ્કતમાંથી વસુલ લેવા હકકદાર છે તેવું ઠરાવવામાં આવે છે.

૪. વધુમાં પ્રતિવાદી દાવામાં જણાવેલ કુલ બીલની રકમ રૂા. **૧૪,૫૧૧-૫૪/-** પૈસા ચુકવવામાં કસુર કરે તો હુકમ

તારીખથી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬ ટકા લેખે સાદુ વ્યાજ વાદીને ચુકવી આપવું.

૫. વાદીના દાવાનું ખર્ચ પ્રતિવાદીએ ભોગવવું.

૬. આ હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ: ૨૧ મી, માહે: એપ્રીલ , સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

જામજોધપુર,
તા. ૨૧/ ૦૪ /૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
પ્રિન્સીપાલ સીવીલ જજ,
જામજોધપુર.
***JUDGE CODE: GJ 01584***